# અમીરગઢના દલિતો પર હુમલા પ્રકરણે છની ધરપકડ

## મૃત પશુ ઉપાડવાની ના પાડતા અપરકાસ્ટના લોકો દ્વારા દલિતો પર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો

પાલનપુર, તા.૨૫

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં દલિતો ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ સ્થિતિ હજુ પણ તંગ બનેલી છે. સાવચેતીના તમામ પગલા શાંતિ માટે લેવામાં આવેલા છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના મોટા કરઝા મુકામે તા. ૨૩ના રાત્રે આઠ વાગે દલિતોએ મૃત પશુ ઉપાડવાની ના પાડતા ગામના અપર કાસ્ટના લોકો ધ્વારા દલિત પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સગર્ભા મહિલા સહિત તેમના પરિવારના ૬ વ્યક્તિઓ ઉપર હુમલો કરવામાં આવતા તેમને પાલનપુર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને સારવાર લઈ રહ્યા છે. આ બાબતે બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા કરવામાં આવેલી કામગીરીની માહિતી આપતાં કલેકટર જેનુ દેવને જણાવ્યું હતું કે, અમીરગઢ તાલુકાના કરઝા ગામમાં જે ઘટના બની છે તેના પર તાત્કાલિક કાર્યવાહી કરી દલિતો ઉપર હુમલો કરનાર ૬ આરોપીઓની પોલીસ ધ્વારા ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, હુમલાની પડિતાબેન પાલનપુર સિવીલ હોસ્પિટલમાં દાખલ છે. આજે સવારે મેં અને એસપીએ પીડીતાબેનની મુલાકાત લીધી છે. પિડીતાબેન અને તેમના પરિવારજનોએ તંત્રની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો છે. ડૉકટરોના જણાવ્યા પ્રમાણે પિડીતાબેનની તબિયત સારી છે. કરઝા ગામમાં શાંતિનું વાતાવરણ બની રહે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. ૫૦૬(૨) તથા અનુસુચિત જાતિ અત્યાચાર નિવારણ સુધારા અધિનિયમ ૨૦૧૫ની કલમ ૩(૧) (આર) તથા ૩ (૨)(૫) (અ) મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ અધિક્ષક નિરજ બડગુજરે જણાવ્યું કે, તા.૨૩ના રોજ કરઝા ગામની ઘટનાની જાણ થતાં જ પોલીસ અધિકારી અને તેમની ટીમ ધ્વારા ઘટના સ્થળની મુલાકાત લઈ ફરીયાદ નોંધવામાં આવી હતી અને તા. ૨૪ના બપોરે ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ ગામના પિડીત પરિવારને પોલીસ રક્ષણ પુરુ પાડવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે પોલીસે ખુબ જ સંવેદનશીલતા દાખવી આ ઘટનામાં કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં જ ૬ આરોપીઓની ધરપકડ કરી છે. જેથી સમાજમાં એકતા અને ભાઈચારાનું વાતાવરણ બની રહે. સમાજ કલ્યાણ વિભાગના બનાસકાંઠા જિલ્લા નાયબ નિયામક એમ કે પરમારે જણાવ્યું કે ૫૦ ટકા રકમ ચાર્જશીટ દાખલ થયેથી ચુકવવામાં આવશે જ્યારે બાકીની ૨૫ ટકા રકમ કેસના આખરી નિકાલ સમયે ચુકવવામાં આવશે.

### કલેકટર તેમજ એસપીએ પિડીતાની મુલાકાત લીધી

બનાસકાંઠા કલેકટર જેનુ દેવન અને એસપી નિરજ બડગુજરે પાલનપુર સિવીલ હોસ્પીટલમાં સારવાર



લઈ રહેલ સગર્ભા પિડીતા મહિલાની મુલાકાત લઈ ખબર અંતર પુછ્યા હતા અને તેમણે પીડિતાને આશ્વાસન આપતા કહ્યું કે, જિલ્લાનું તંત્ર અને પોલીસ તમારી સાથે છે તમારે ગભરાવવાની જરૂર નથી. એસપીએ પોતાનો મોબાઈલ નંબર આપી ગામમાં કોઈ તકલીફ જણાય તો સીધો જ ફોન કરવા જણાવ્યું હતું તેમણે કહ્યું કે, આરોપીઓને કડક સજા થાય તે માટે પોલીસ ધ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આ અંગે કરવામાં આવેલ કાર્યવાહીથી તેઓને વાકેફ કર્યા હતા. પિડીતાબેન અને તેમના પરિવારજનોએ જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# આજે કલેક્ટર કચેરીમાં ઉરીના શહીદોને શ્રદ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે સવારે ૧૧ વાગે ઉરીના શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલની અધ્યક્ષતામાં યોજાનાર આ કાર્યક્રમમાં શહીદોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવનાર છે. આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

# ગાંધીનગર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ દ્વારા મોંઘવારી મુદ્દે સહી ઝુંબેશ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર-જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી તા.૨૬, ૨૭ અને ૨૮ ના રોજ મોંઘવારી અને ભ્રષ્ટાચારી શાસન વિરુધ્ધ સહીં ઝુબેંશનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.આ કાર્યક્રમ શહેરના સેકટર-૨૧,૨૪ અને ૭ના શાકમાર્કેટ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન યોજાશે. આ સહીં ઝુબેંશમાં નાગરીકોને મોટાપાયે જોડાવવા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના કન્વીનર કમલેશ મહેતાએ હાકલ કરી છે.

રાજયમાં મોંઘવારીએ માઝા મુકી છે. ઘર વપરાશની ચીજવસ્તુઓના ભાવ આસમાનને આંબતા સામાન્ય નાગરીક પીસાઈ રહ્યો છે. રાજય સરકારના ભ્રષ્ટ શાસનમાં લાંચિયા અધિકારીઓ પકડાઈ રહ્યા છે. ગુજરાતમાં ઠેરઠેર ભ્રષ્ટાચારી શાસનની માયાજાળ ફેલાઈ રહી છે. ગરીબ પ્રજાજનોએ દાળ મોંઘાભાવે ખરીદવાનો વારો આવ્યો છે.તેમ છતા મોંઘાભાવે ચીજવસ્તુ ખરીદવા છતા ભેળસેળવાળુ આવતું હોવાની ફરિયાદ પણ વ્યાપક પ્રમાણમાં ઉઠી રહી છે. રાજયમાં શાસનની ધુરા બદલાવા છતા પ્રજાને શુસાનની જગ્યાએ કુશાષનમાં જીંદગી બસર કરવાનો વારો આવ્યો છે. તેવી સ્થિતિમાં ગાંધીનગર જિલ્લા શહેર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ દ્વારા વિરોધ પ્રદર્શિત કરવા અને લોકમત જાણવા આગામી તા.૨૬, ૨૭, અને ૨૮ સપ્ટેમ્બરના રોજ શહેરના સેકટર-૨૧, ૨૪, અને ૭ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન સહીં ઝુબેંશનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જયારે પક્ષ દ્વારા તા.૨૮ ના રોજ સાંજે ૬ કલાકે આશ્ચર્યજનક કાર્યક્રમ યોજીને સરકારી નિતિરીતીનો વિરોધ કરવામાં આવશે. જયારે તા.૨૯મીના રોજ બપોરે ૧૨ કલાકે જિલ્લા કેલકટરને આવેદનપત્ર આપવામાં આવશે. પક્ષ દ્વારા આગામી સમયમાં વિવિધ જિલ્લા તેમજ તાલુકાઓમાં અલગ અગલ તારીખે યોજવામાં આવશે તેમ એનસીપી ગાંધીનગરના મહામંત્રી અને મીડીયા સેલ પ્રમુખ કમલેશ મહેતાએ જણાવ્યું છે. જયારે સહીં ઝુબેંશમાં શહેરીજનોને મોટાભાગે જોડાવા પણ હાકલ કરી છે.

રક્તદાન મહાદાન



ગુજરાતણનો ગરબો : ગરબો ગુજરાતની ઓળખ છે. ગુજરાત આખું ગરબા પાછળ અને ગરબા માટે ઘેલુ બને છે. નવરાત્રી મહોત્સવમાં યુવક - યુવતીઓ અવનવા શણગાર સજીને રાતભર ગરબે ઘુમે છે. નવરાત્રીના પાંચ દિવસ પહેલા ગરબા ગૃપો ઠેક-ઠેકાણે રીયર્સલ કરી રહ્યા છે. અમદાવાદના એક ગરબા ગ્રુપે યોજેયલ રીયર્સલની આ તસવીર નવરાત્રીના આગમનની છડી પોકારે છે.

# ચિલોડા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વ્યસન મુક્તિ મહાસભા યોજાશે

ચિલોડા, તા.૨૫

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મોટા ચિલોડા ખાતે વ્યસન મુકિત મહાસભા તેમજ તેજસ્વી તારલાઓને સન્માન સમારોહ કાર્યક્રમ આગામી તા.૨૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે રાખવામાં આવી છે. વ્યસન મુકિત મહાસભાને ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ અધ્યક્ષ અલ્પેશજી ઠાકોર સંબોધન કરશે. આ મહાસભામાં ચિલોડા તેમજ આસપાસના વિસ્તારમાં રહેતા ઠાકોર સમાજના ભાઈ બહેનો તેમજ ક્ષત્રિય ઠાકોર સેનાના હોદેદારોને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગરના પાદરે આવેલ ચિલોડા ગ્રામ સમિતિ દ્વારા આગામી તા.૨૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે વ્યસન મુકિત મહાસભા તેમજ તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસભામાં ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ અધ્યક્ષ અલ્પેશજી ઠાકોર સંબોધન કરશે જેમાં વ્યસનના કારણે નાના માસુમ બાળકો તેમજ નવયુવાનોને રમવાની તેમજ લાંબી જીંદગી જીવવાની હોય છે તેઓ અકાળે અવસાન પામે છે. તેમજ ઠાકોર સમાજની બહેન દિકરીઓ નાની ઉંમરમાં વિધવા બને છે.

વિધવા બહેનોને ઓશીયાળું જીવન જીવવું પડે છે. મા-બાપ વયોવૃધ્ધ હોવા છતા નિરોગી જીવન જીવી રહ્યા હોય છે તેવી સ્થિતિમાં પોતાના વ્હાલસોયા બાળકો મૃત્યુ પામતા તેઓ પણ ભાંગી પડે છે. સમાજમાં વ્યસનના દુષણને કારણે ભાઈઓમાં ઝઘડાનું પ્રમાણ વધુ જોવા મળે છે ત્યારે વ્યસનને કારણે વાહન અકસ્માત થતા હોવાથી મૃત્યુને ભેટવાનો વારો આવે છે.

સમાજમાંથી વ્યસનને જાકોરો આપીને શિક્ષણ પર વધુ ભાર મુકવામાં આવે તેવા ઉમદા હેતુંથી આ ચિલોડા ખાતે વ્યસનમુકિત મહાસભા તેમજ તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશજી ઠાકોર સાથે પ્રદેશ મંત્રી ભરતજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પ્રમુખ રાજભા ઠાકોર, ઉપપ્રમુખ જવાનજી ઠાકોર, ગાંધીનગર તાલુકા પ્રમુખ ગોંવિદજી ઠાકોર, ફિલ્મ અભિનેતા જગદીશ ઠાકોર, બેચરજી ઠાકોર અને હર્ષદ ઠાકોર સહિત જિલ્લા તેમજ તાલુકાના હોદેદારો સહિત મોટીસંખ્યામાં ઠાકોર સમાજના ભાઈ બહેનો હાજર રહેશે.

# ઢાકા ખાતે રમાનાર હેન્ડબોલની આઈએચએફ ટ્રોફી માટે ગાંધીનગરમાં પસંદગી કેમ્પ

## પ્રથમ ચરણમાં ગુજરાતના બોયઝ ટીમમાં બે અને ગર્લ્સ ટીમમાં એક ખેલાડીની પસંદગી કરાઈ : આગામી તા. ૫મી ઓકટોબરે ફાઈનલ ટીમ જાહેર કરાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે હાલ હેન્ડબોલની નેશનલ ટીમ માટે પસંદગીનો કેમ્પ ચાલી રહ્યો છે. આગામી તા. ૯થી ૧૩ ઓકટોબર દરમિયાન બાંગ્લાદેશના પાટનગર ઢાકા ખાતે રમાનાર ઈન્ટરનેશનલ હેન્ડબોલ ફેડરેશન ટ્રોફી માટે ભારતીય ટીમની પસંદગી કરવા ખાસ હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી તથા નેશનલ સિલેકશન કમિટીના ચેરમેન આનંદેશ્વર પાંડે અહીં ખેલાડીઓની બાજ નજરથી તેમના કૌશલ્યને ચકાસી રહ્યા છે. કેમ્પના પહેલા ચરણમાં બોયઝ અને ગર્લ્સ ટીમના ૨૪ ખેલાડીઓની પસંદગી કરી દેવાઈ છે. જેમાં ગુજરાતના બોયઝ ટીમમાં બે અને ગર્લ્સ ટીમમાં એક ખેલાડીની પસંદગી થવા પામી છે.જો કે આ કેમ્પના અંતે તા.૫મી ઓકટોબરે ફાઈનલ ટીમોની પસંદગી જાહેર કરાશે.





આ કેમ્પમાં દેશના વિવિધ રાજયોમાંથી ખેલાડીઓ આવ્યા છે બાંગ્લાદેશના ઢાકા ખાતે આગામી મહિને આઈએચએફ ટ્રોફી યોજાશે જેમાં એશિયાના ૯ દેશની ટીમો ભાગ લેશે. આ સ્પર્ધામાં વિજેતા ટીમ કોન્ટિનેન્ટલ માટે કવોલીફાય થશે અને ત્યાંથી પછી યુથ વર્લ્ડકપ માટે કવોલીફાય થવાનું રહેશે. ભારત માટે ઢાકામાં સૌથી મોટો પડકાર પાકિસ્તાનની ટીમને હરાવવાનો છે. હેન્ડબોલની ટીમની પ્રાથમિક પસંદગીમાં છોકરાઓની ટીમ જે અન્ડર-૨૧ કેટેગરીમાં રમવાની છે તેમાં ગાંધીનગરના બે ખેલાડી પસંદગી પામ્યા છે. આ બે ખેલાડીઓ સાઈ ખાતે જ કોચિંગ લઈ રહ્યાં છે. જેમાં એક અનિલ ખુડિયા છે જે સે-૨૪ની સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં ભણે છે જયારે બીજો ધ્રુવ પટેલ છે જે માણસાની બ્લીસ ઈન્ટરનેશનલ સ્કુલમાં ભણે છે. આ ઉપરાંત છોકરીઓમાં સાઈની ખેલાડી જીનલ ખેતાણીનો સમાવેશ થયો છે. સાઈ ખાતે હાલ ઈન્ટરનેશનલ કક્ષાના કોચ શશિમોહન ધુમાલ હેન્ડબોલની સઘન તાલીમ આપી રહ્યાં છે.



'ભારતમાં હેન્ડબોલની રમત માટે ઘણો સારો અવકાશ છે, આ રમત ઓલમ્પિકની ફાસ્ટેસ્ટ રમત ગણાય છે. વળી તે ઓછા ખર્ચમાં આઉટડોરમાં પણ રમી શકાય છે. હાલ ભારતમાં આ ઈન્ડોર હેન્ડબોલનું ચલણ વધુ છે. આ રમત માટે કેન્દ્ર સરકાર આર્થિક પ્રોત્સાહન પુરું પાડે તો આપણે ઓલમ્પિકમાં મેડલ મેળવી શકીએ તેવી ક્ષમતા બાળકોમાં છે. સાઈ ગાંધીનગર ખાતે હેન્ડબોલની રમત માટે ખૂબ જ સારી સુવિધા તથા ઉત્તમ કોચ છે. ઢાકા ખાતે રમાનાર આગામી આઈએચએફ ટ્રોફીમાં આપણે સારું પ્રદર્શન કરીશું તેવો મને વિશ્વાસ છે.'

- આનંદેશ્વર પાંડે
પ્રમુખ,પસંદગી સમિતિ, ભારતીય હેન્ડબોલ ફેડરેશન



'સાંઈ ગાંધીનગરના હેન્ડબોલના ખેલાડીઓએ ભૂતકાળમાં પણ ખુબ સારું પરફોર્મન્સ આપ્યું છે અને આગામી સમયમાં પણ આપશે. ગત વર્ષે આપણે ચાર કેટેગરીમાં મેડલ્સ પ્રાપ્ત કર્યા હતા. આ વર્ષે આનંદેશ્વર પાંડેએ રાષ્ટ્રીય ટીમની પસંદગી કેમ્પ માટે ગાંધીનગર સાઈની પસંદગી કરી તે બદલ હું તેમનો અને હેન્ડબોલ ફેડરેશનનો આભારી છું.'

- આર.કે. નાયડુ
રિજિયોનલ ડાયરેકટર, સાઈ, ગાંધીનગર

### છોડાશે નહીં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિષ્ફળ કરશે. મોદીએ કહ્યું હતું કે, સેનાનું કામ બોલવાનું નહીં પરંતુ પરાક્રમ કરીને બતાવવાનું છે. કાશ્મીરમાં જારી હિંસાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, કાશ્મીરના લોકો શાંતિ ઈચ્છે છે. તેમની સામે હવે વાસ્તવિકતા ખુલવા લાગી છે જેથી શાંતિના માર્ગ ઉપર વધી રહ્યા છે. લોકો ઈચ્છે છે કે, બજાર અને સ્કૂલો ખુલી જાય છે. કારોબાર પાટા ઉપર પરત ફરે. મોદીએ કહ્યં હતું કે, શાંતિ, એકતા અને સદભાવ વિકાસનો રસ્તો છે. મોદીએ પોતાના ભાષણમાં ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતા હર્ષવર્ધનનો ઉલ્લેખ કર્યો હતો. હર્ષવર્ધન ઉરી હુમલા બાદ કંઈ કરવા માટે તૈયાર હતો. જેથી તે દરરોજ ૩ કલાક વધારે અભ્યાસ કરી રહ્યો છે. હર્ષવર્ધને આક્રોશના માહોલમાં રચનાત્મક વિચારધારા દર્શાવીને તમામને બોધપાઠ આપ્યો છે. જો કે, મોદીએ કબૂલાત કરી હતી કે, હુમલાને લઈને લોકો વચ્ચે જે રોષ છે તે જંગ ચેતના દર્શાવે છે.

### ગળાકાપ સ્પર્ધા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે એમેઝોને પહેલીથી પાંચમી ઓક્ટોબર દરમિયાન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ નામથી સેલની શરૂઆત કરનાર છે. ફ્લિપકાર્ટે ૨૦૧૪માં એક રૂપિયાની ઓફર આપી હતી. તેની ફરી વાપસી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈબે દ્વારા પણ વેચાણની શરૂઆત કરવામાં આવી છે. ૩૧મી ઓક્ટોબર સુધી તે ચાલશે. ઈબે દ્વારા રિફર્બીશ ગેજેટની ખાસ કેટેગરી સ્પેશિયલ ઓફર માટે રજૂ કરી દીધી છે. દાખલા તરીકે રિફર્બીસ આઈફોન ૫૮૯૪૯ રૂપિયામાં ઉપલબ્ધ છે. ઈબે પર જુદી જુદી કેટેગરીમાં ૭૫ ટકાની છુટ ઉપર ઉપલબ્ધ છે. જેટલી જલ્દી ખરીદી કરવામાં આવશે તેટલા પ્રમાણમાં કસ્ટમરોને વિકલ્પ રહેશે. મોડેથી ચીજવસ્તુ ખરીદવાની સ્થિતિમાં ચીજવસ્તુ આઉટ ઓફ સ્ટોક થઈ શકે છે.

### બોનસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૨ લાખ રેલવે કર્મચારીઓની પ્રોડકટીવીટી લિંક્ડ બોનસની ચુકવણી કરવામાં આવે છે. રેલવેના અધિકારીઓનું કહેવું છે કે, ૭૮ દિવસના પગારનો મતલબ એ થયો કે, પ્રતિ કર્મચારી ૧૮૦૦૦ રૂપિયા મળશે. ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫માં પણ રેલવે કર્મચારીઓને પીએલબી તરીકે ૭૮ દિવસના પગારની ચુકવણી કરવામાં આવી હતી. લોડિંગમાં મંદી અને યાત્રીની સંખ્યામાં ઘટાડો થયા બાદ કમાણીમાં ૧૦૦૦૦ કરોડની રકમ ઓછી પડી રહી છે છતાં રેલવે દ્વારા ૭૮ દિવસના બોનસની ચુકવણી કરવામાં આવનાર છે. આગામી સપ્તાહમાં આ દરખાસ્તને કેબિનેટની મંજુરી મળી જાય તેમ માનવામાં આવે છે.

### ગ્રાન્ટની ફાળવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાણાં વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આને કારણે જિલ્લાઓમાં રહેલી વિષમતાનો ખ્યાલ આવશે તેમજ સંતુલિત વિકાસ માટે ખુટતી કડીઓને જોડવાનો માર્ગ સરળ થશે. જિલ્લાની આવકના અંદાજોને આધારે રાજ્યની આવકના અંદાજો અને તેના પરથી રાષ્ટ્રની આવકના સાચા અંદાજો પ્રાપ્ત થશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### પાક-વીમા યોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાક-વિમા યોજનાની અમલવારીની સમીક્ષા માટે તાજેતરમાં જિલ્લા કલેક્ટરે પણ એક વિશેષ બેઠક યોજી હતી. જો કે આ બેઠકમાં જે કંપનીને જિલ્લાની કામગીરી સોંપવામાં આવી છે તે એગ્રીકલ્ચરલ ઈન્સ્યોરન્સ કંપનીનો કોઈ પણ પ્રતિનિધિ આ સમીક્ષા બેઠકમાં હાજર ન હોવાની ચોંકાવનારી હકીકત પણ બહાર આવી છે. આ કંપનીનો તાત્કાલિક ખુલાસો પુછવા માટે પણ તંત્રના અધિકારીઓને જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ચોમાસુ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યુ છે. આ વખતે ૨૭ ટકાથી પણ વધુ વરસાદની ઘટ વચ્ચે ખેડૂતોએ ગત વર્ષની તુલનામાં સાત હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર વધુ કર્યું છે જે નોંધનીય છે.

બીજી તરફ જિલ્લા ખેતીવાડી તંત્રના સૂત્રો જિલ્લામાં પાકની સ્થિતિ સારી હોવાનો દાવો કરી રહ્યા છે. ખેડૂતો પણ ગરમીનો માહોલ ભાદરવાના અંતિમ પડાવમાં છે તેથી હજુ વરસાદ આવશે તેવી આશા રાખી રહ્યા છે.

### અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં આંગણવાડીના બે ઘટકોમાં થઈ ૨૮૬ બાળકો, દહેગામના બે ઘટકોમાં થઈ ૧૬૦ બાળકો, કલોલમાં ૮૩૦થી વધુ તેમજ માણસામાં ૧૦૦થી વધુ કુપોષણથી પિડાતા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયુ છે. જિલ્લામાં એક સાથે ચારેય તાલુકામાં કુપોષણ મુક્તિ અભિયાન સરકારના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનમાં અગાઉ બાળકોને આયુર્વેદિક બિસ્કીટનો પ્રોજેક્ટ અમલમાં મુકાયો હતો આ પછી કલોલમાં હોમિયોપેથી દવાના આધારે પણ કુપોષણ મુક્તિ અભિયાનનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો.

જિલ્લામાં આ પ્રોજેક્ટ મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા આરોગ્ય વિભાગના સહયોગ સાથે અમલમાં આવી રહેલ છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં કુપોષીત બાળકો અંગે આરોગ્ય વિભાગે પણ અલગથી સર્વે કર્યો હતો. જેમાં ઓછા વજન ધરાવતા બાળકો અને મધ્યમ ઓછુ વજન ધરાવતા બાળકો પણ શોધવામાં આવ્યા હતા. જે ઉલ્લેખનીય છે.

### આકરો તાપ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બપોરના સમયે તો ઘરની બહાર નીકળી શકાતું નથી. નવરાત્રી જેવો મોટો તહેવાર નજીક હોવા છતાં સવારથી બપોર સુધી તો બજારોમાં જરાય ભીડ હોતી નથી. બપોર બાદ છેક સાંજના સમયે ઘરાકી જોવા મળે છે. તડકો ખુબ જ આકરો હોવાથી ગરમી અને બફારો પણ ખુબ વધારે અનુભવાય છે. પવનની ગતિ સાવ ઓછી હોવાથી રાત્રે પણ ખુબ બફારો થાય છે. અંગ દઝાડતા તડકાનો લાભ શહેરની ગૃહિણીઓ મોટા પાયે લઈ રહી છે. નવરાત્રી દિવાળીના તહેવારો પહેલા ગાદલા ગોદડા અને ઘરના અન્ય સરસામાન તડકામાં તપાવવા માટે ગૃહિણીઓ મુકી રહી છે. હજુ થોડાક દિવસ ગરમી બફારા અને તડકાથી રાહત મળી શકે તેમ નથી. ભાદરવો પુર્ણ થયા બાદ ધીમે ધીમે ગરમીમાં રાહત મળશે. આજે મહત્તમ તાપમાન ૨૪ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિ.સે. નોંધાયુ હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૪ ટકા અને સાંજે ૫૪ ટકા રહ્યું હતું.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

વધારે જરૂર છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના આ ઐતિહાસીક ચુકાદો આપતા નામદાર ન્યાયમૂર્તિ શ્રી એસ. જી. શાહે સ્પષ્ટ જણાવ્યું કે સંસાર છોડવાથી સાંસારીક જવાબદારીમાંથી વ્યક્તિ છટકી શકે નહિ તેનાથી ઘણી બધી ત્યક્તાઓને ભરણપોષણ મળી રહેશે. ભગવા પહેર્યા હોય તો પણ પત્નીની કાળજી લેવાની જવાબદારી નકારી શકાય નહિ.

આ ચુકાદો સમાજ સેવાના નામે પોતાની કૌટુંબીક, સામાજીક અને સાંસારીક જવાબદારીમાંથી છટકવા માંગતા પલાયનવાદી માણસોને કાયદાની એક લપડાક સમાન છે. સમાજમાં સુનિલ ઉદાસી જેવી માનસીકતાવાળા લોકોની કોઈ જ ખોટ નથી. જવાબદારીમાંથી છટકવા આવા લોકો ઘર તથા પત્નીનો ત્યાગ કાયદેસરની પ્રક્રિયાને અનુસર્યા સીવાય કે પોતાની જવાબદારી નિભાવ્યા સીવાય કરે છે. પોતાના ગયા બાદ પત્ની તેનો તથા કુટુંબનો જીવનર્નિવાહ કેવી રીતે ચલાવશે તે વિચારતા નથી. સંસારની જવાબદારીઓથી સંસાર અસાર લાગે તો પણ એક વખત સપ્તપદીના ફેરા લઈ સપ્તદીના શપથ અગ્નીનારાયણની સાક્ષીએ લીધા તેમાંથી હિન્દુ મેરેજ એકટ કે હિન્દુ શાસ્ત્રોક્ત લગ્નના રીત-રીવાજથી કાયદાથી વ્યક્તિ છટકી શકે નહિ. જો કે આવા પલાયનવાદીઓ જેઓ કહેવાતા સાધુઓ બન્યા હોય છે તેઓએ કોઈ જ વિધી વિધાન કે અખાડાના નિયમો મુજબ સાધુત્વ સ્વીકાર્યું નથી હોતું પરંતુ પલાયનવાદી માનસીકતા ખાતર જવાબદારીમાંથી છટકવા આશ્રમ કે મીશન સાથે જોડાય છે. વિધીની વિટમણા તો એ છે કે આવા ભગવા પહેરેલા સાધુઓને સમાજ માન પાન, પદ, મોભો આપી પૂજનીય ગણે છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

રોજગાર આપવો જે તે કંપની માટે સરકારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની પૂર્વશરત છે. જોકે આ શરતનું પાલન કોઈ કરતું નથી અને સત્તાવાળા પણ એનાથી સુવિદિત છે. આજકાલ ચર્ચામાં રહેલા ઓબીસી મંચના અગ્રણી અલ્પેશ ઠાકોરે દારૂના અડ્ડાઓ પર જનતા રેઈડ્સ પાડવાના કાર્યક્રમ પછી ગુજરાતના ઉદ્યોગોમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગાર આપવાની માગણી કરી છે. આ દિશામાં સરકાર પગલાં ના ભરે તો ગુજરાત સરકાર આયોજિત વાઈબ્રન્ટ સમિટનો ઘેરાવ કરવાની ચીમકી આપી છે. વર્તમાન મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ ૩૧ જુલાઈ ૨૦૧૬ના રોજ એ જ્યારે શ્રમપ્રધાન હતા ત્યારે તેમણે અમારી સાથેની વાતચીતમાં કહેલા શબ્દો કાંઈક આવા હતાઃ "સંબંધિત કંપનીમાં ૮૫ ટકા સ્થાનિક (લોકલ-ડૉમિસાઈલ) કર્મચારી લેવા ફરજિયાત છે. આ નીતિના અમલ માટે અમે દબાણ કરીએ છીએ. પગલાં પણ લઈએ છીએ છતાં ગેપ રહે છે. આઈઓસી (ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન) જેવી કંપનીઓને યોગ્ય માણસો ગુજરાતમાંથી મળતા નહીં હોવાની ફરિયાદ રહે છે." ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા પ્રવીણ ક. લહેરીએ કહ્યું કે, ૧૯૮૮માં અમરસિંહ ચૌધરીની સરકારે ૮૫ ટકાનો સરકારી પરિપત્ર (જીઆર) કર્યો ત્યારે ઓએનજીસીએ એને વડી અદાલતમાં પડકાર્યો હતો. જોકે, ૧૯૯૧માં ચીમનભાઈ સરકારે નવી ઉદ્યોગનીતિમાં એને સામેલ કર્યો હતો.ગુજરાત સામાન્ય રીતે મજૂર સંબંધોમાં શાંત રાજ્ય ગણાતું આવ્યું છે એટલે ઉદ્યોગો આવવા પ્રેરાય છે , પણ એનો લાભ ઘરઆંગણે રોજગારી આપવામાં થયો નહીં હોવાથી કોઈએ તો અવાજ ઊઠાવવો પડે. વિજય રૂપાણી સરકારે પણ આ બાબતને ગંભીરતાથી લેવી પડશે.